# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2024** **Evening : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે રાજયકક્ષાના કૃષિમેળાનો પ્રારંભ કરાવતાં કહ્યું કે, વિકસિત ભારતમાં ખેડૂતોનું મહત્વનું યોગદાન છે.
- રાજય સરકારે વિવિધ જિલ્લામાં આવેલા 24 નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સૈધ્ધાંતિક મંજૂરી આપી.
- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આવતીકાલે રાજય વેરા નિરીક્ષક વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા યોજાશે.
- રાજય સહિત સમગ્ર દેશમાં આજે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી
- આગામી 27 અને 28 ડિસેંબરે રાજયના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થવાની હવામાન વિભાગની આગાહી.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## State-level agricultural fair - C.R. Patil

કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે આજે નવસારીમાં રાજકક્ષાના કૃષિમેળાનો અને એગ્રો ટેક્ષટાઇલ પાર્કનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે કૃષિમંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પાટીલે કૃષિમેળાનો પ્રારંભ કરાવતાં કહ્યું હતું કે, કૃષિ અને ખેડૂતોનો સર્વાંગીણ વિકાસનો સંકલ્પ સાકાર થઇ રહ્યો છે. વિકસિત ભારતમાં ખેડૂતોનું મહત્વનું યોગદાન હશે.

(બાઇટ-સી.આર.પાટીલ)

આ પ્રસંગે રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે, ખેડૂતોનો આર્થિક ઉત્કર્ષ અને સુખાકારી સરકારના હૈયે વસેલી છે.

નવસારી સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ડાંગરના પાકની નુકસાની બદલ સહાય ટુંક સમયમાં આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના પટાંગણમાં ત્રણ દિવસ સુધી ચાલનારા કૃષિ મેળામાં રાજયના 25 હજારથી વધુ ખેડૂતોને કૃષિ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને નવા સંશોધનોથી માહીતગાર કરાશે.

## C.R. Patil inaugurates 238 crores

કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે આજે નવસારી જિલ્લામાં 238 કરોડ રૂપિયાના છ કામોનું ખાતમૂહુર્ત અને એક કામનું લોકાર્પણ કર્યું છે.

આ પ્રસંગે શ્રી પાટીલે કહ્યું હતું કે, નવસારી જિલ્લામાં આજે થયેલા 235 કરોડના લોકાર્પણ અને ખાતમૂહુર્તથી જિલ્લાની પ્રગતિ થશે. ફોરલેન રોડના કારણે અકસ્માતમાં ઘટાડો થશે.

અમારા નવસારીના પ્રતિનિધિ અશોક પટેલે જણાવે છે કે, આજે ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરાયેલા કામોમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના વિવિધ કામોનો સમાવેશ થાય છે.

## New Primary Health Centers Approved

રાજય સરકારે વિવિધ જિલ્લામાં આવેલા 24 નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. શ્રી પટેલે કહ્યું હતું કે, વિવિધ જીલ્લાઓમાં વસ્તીના ધોરણ ઉપરાંત જીઓ સ્પેશિયલ એનાલિસિસ અને આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાનમાં લઇને આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે.

રાજયના વિવિધ ગામોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને સુવિધાયુક્ત બનાવવા માટે આ જનહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ રાજયમાં કુલ 1 હજાર 499 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

**GPSC Exam**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આવતીકાલે રાજય વેરા નિરીક્ષક વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા યોજાશે. જેમાં સમગ્ર રાજયમાંથી 1 લાખ 85 હજાર ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન હસમુખ પટેલે વધુ માહીતી આપી.

(બાઇટ- હસમુખ પટેલ, ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

**10th and 12th exam late fee**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-10 અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી 2025માં લેવાનારી બોર્ડની

પરીક્ષાના આવેદનપત્રો લેઇટ ફી સાથે ઓનલાઇન ભરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે. ધોરણ 10 માટે અંતિમ તારીખ 24 ડીસેંબર જયારે ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહ માટે 23 ડિસેંબર સુધી ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવી છે જે અગાઉ 22 ડિસેંબર હતી.

## World Meditation Day Celebration

રાજય સહિત સમગ્ર દેશમાં આજે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજયના 40 જેટલા સ્થળોએ આજે વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે ધ્યાનશિબીર યોજાઇ હતી.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં શ્રી શિવકૃપાનંદ સ્વામીની ઉપસ્થિતિમાં વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે ધ્યાન શિબિર યોજાઇ હતી.

આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, યોગ અને ધ્યાન એ મનમાંથી દુર્ગુણો દૂર કરવાનું એક માધ્યમ છે.

(બાઇટ-શિવકૃપાનંદ સ્વામી)

શિવકૃપાનંદ સ્વામીના માર્ગદર્શનમાં ઉપસ્થિત સૌ લોકોએ ધ્યાન સાધના કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના સૂચન અને પ્રયાસોના પરિણામે યુનાઇટેડ નેશન્સે 21મી ડિસેંબરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ વર્ષે ભારત અને સમગ્ર વિશ્વમાં પ્રથમ વખત ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી.

સુરેન્દ્રનગર જિલ્લામાં ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ “વિશ્વ ધ્યાન દિવસ” ઉજવવાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યુ કે, ધ્યાન અને યોગ એ ભારતની એવી સંસ્કૃતિ છે, જે વિશ્વના દેશો અપનાવી રહ્યા છે.ધ્યાનથી થતા ફાયદાઓ વર્ણવી, ધ્યાનને રોજીંદા જીવનનાં એક ભાગ તરીકે અપનાવવા અપીલ કરી હતી.

વલસાડ જિલ્લામાં કોર્ટ કેમ્પસ ખાતે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરાઇ હતી જેમાં કોર્ટના કર્મચારીઓ શિબિરમાં જોડાયા હતા. જિલ્લામાં પણ વિવિધ સંસ્થાઓ દ્વારા વર્લ્ડ મેડીટેશન ડે ની ઉજવણી કરવામા આવી હતી.

## Jala Japa Diksha Mahotsav Dwarka

ભગવાન શ્રી કૃષ્ણની દરિયામાં ડૂબી ગયેલી દ્વારકા નગરીનું મહત્વ વિશ્વ સમુદાય સમક્ષ લાવવા માટે આજે વર્લ્ડ સન્કન સીટી દિવસ નિમિત્તે શ્રીકૃષ્ણ જલા જપા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી ગુજરાત પ્રવાસન વિભાગ અને આઇટીએસ સિક્સથ વોવ નામની સંસ્થાના ઉપક્રમે યોજાઇ હતી.

આ પ્રસંગે પંચકુઇ દરિયાકિનારે સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્કૂબા ડાઇવર્સ દ્વારા સમુદ્રની અંદર વિશેષ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા પ્રવાસન મંત્રી મૂળૂભાઇ બેરાએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ-મૂળૂભાઇ બેરા)

## Union Minister S.P. Singh Baghel

કેન્દ્રિય રાજયમંત્રી એસ.પી.સિંઘ બદેલે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓપ યુનિટીની મુલાકાત લીધી હતી. તેમણે સરદાર પટેલને ભાવાંજલિ અર્પણ કરી હતી.

તેમણે મુલાકાત પોથીમાં નોંધ્યું હતું કે, સરદાર સાહેબ જેવા વ્યક્તિ જન્મ નથી લેતા પરંતુ ભારતમાતાને ગુલામીની ઝંઝીરોમાંતી મુક્તિ માટે અવતરિત થાય છે.

તેમણે એકતાનગર ખાતે આવેલા વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઇને ઝીણવટભરી માહીતી મેળવી હતી.

શ્રી બઘેલે એમ્પીટેશનલ એટલે આકાંક્ષી જિલ્લા નર્મદાની મુલાકાત દરમ્યાન ગરૂડેશ્વર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. કેન્દ્ર સરકાર દ્વારા

આકાંક્ષી જીલ્લાઓને મળતી ગ્રાંટનો યોગ્ય ઉપયોગ થઇ રહ્યો છે કે નહીં તેની માહીતી મેળવી હતી.

## Meteorological Department

આગામી 27 અને 28 ડિસેંબરે રાજયના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

હવામાન શાસ્ત્રી અભિમન્યુ ચૌહાણે આ અંગે વધુ માહીતી આપી.

(બાઇટ-અભિમન્યુ ચૌહાણ, હવામાન શાસ્ત્રી)

## BANAS BANK - CHAIRMAN

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીના અધ્યક્ષ સ્થાને બનાસબેંકના નવનિયુક્ત ચેરમેન ડાહ્યાભાઇ પીલીયાતર અને વાઇસ ચેરમેન કેશુભા પરમારનો સત્કાર સમારંભ યોજાયો. આજે બનાસકાંઠા સહકારીતા પરિવાર દ્વારા અંબા જીનીગ નાનોટા ખાતે સત્કાર સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે અધ્યક્ષ શંકર ચૌધરીએ નવનિયુક્ત ચેરમેન અને વાઇસ ચેરમેનને શુભેચ્છાઓ પાઠવી હતી.